Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-25 | June – July 2016

# વૈદિક વાઙ્મયમાં પુનર્જન્મ

જુદા જુદા ધર્મથી હિંદુધર્મને અલગ તારવતો હોય તો તે પુનર્જન્મનો સિધ્ધાંત છે. પુનર્જન્મમાં વિશ્વાસ, એ સિધ્ધાંત સ્વરૂપે ખૂબ જ પ્રાચીન છે. વૈદિક વાઙ્મયમાં પુનર્જન્મના ઉલ્લેખો જોવા મળે છે. ઉપનિષદ તો એવી કથાઓથી ભરેલા છે કે જેનાથી પુનર્જન્મના સિધ્ધાંત વિશ્વાસની પુષ્ટિ થાય છે. ઋગ્વેદના પ્રેતસૂક્તમાં પ્રેતની ઉત્તમ ગતિની પ્રાર્થના કર્મ પછી પુનર્જન્મના સિધ્ધાંતનો સંકેત કરે છે. ઉષાસૂક્તમાં "पुनः पुनर्जायमाना पुराणी" શબ્દો પુનર્જન્મમાં વૈદિક ઋષિઓના વિશ્વાસને વ્યક્ત કરે છે.

असुनीते पुनरस्मासु चक्षुः पुनः प्राणमिह नो धेहि भोगम् ।
ज्योक पश्येम सुर्यमच्चयरन्तमनुमते मृळया नः स्वस्ति ॥
पुनर्नो असुं पृथिवी ददातु पुनर्द्यौर्देवी पुनरन्तरिक्षम् ।
पुनर्नः सोमस्तन्वं ददातु पुनः पूषा पथ्यां या स्वस्तिः ॥[1]

અહીં પરમાત્માની 'असुनीति' સંજ્ઞાથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તે પ્રાણરૂપ જીવને ભોગ માટે એક દેહથી બીજા દેહ સુધી લઇ જાય છે. આ 'असुनीति' પરમાત્માને પ્રાર્થના છે કે તે આગલા જન્મોમાં પણ અમને સુખ આપે અને એવી કૃપા કરે કે સૂર્ય, ચન્દ્ર, પૃથિવી વગરે અમારા માટે કલ્યાણકારી બને. ઋગવેદના ૧૦/૧૬/૫ માં મન્ત્રમાં ઋષિ કહે છે કે- 'મૃત્યુ પછી જ્યારે પંચતત્ત્વ પોત-પોતાનામાં ભળી જાય છે ત્યારે જીવાત્મા બાકી રહે છે. અને એ જીવાત્મા જ બીજું શરીર ધારણ કરે છે.[૨]

યજુર્વેદમાં પણ ફરીથી જીવાત્માના આગમનની વાત સ્પષ્ટ રૂપમાં કરવામાં આવી છે.[3] એટલું જ નહીં પણ આગળ જઇને તો કર્મની ગતિનું વિશ્લેષણ કરતાં કહ્યું છે કે કેટલાક લોકો મુક્ત થઇ જાય છે તો બીજા મર્ત્યપુરુષો વારંવાર જન્મ ધારણ કરે છે.[૪] યજુર્વેદમાં એવો પણ ઉલ્લેખ મળે છે કે જીવાત્મા કેવળ માનવ કે પશુ યોનિઓમાં જ જન્મ નથી લેતો, પણ જળ,વનસ્પતિ,ઔષધિ વગરે જુદા જુદા સ્થાનોમાં ભ્રમણ અને નિવાસ કરતો વારંવાર જન્મ ધારણ કરે છે.[૫] આગળ જતાં યજુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે 'મનુષ્યને પોતના કર્મ અનુસાર જન્મ ધારણ કરવાનો હોય છે, માટે જ જ્યારે મૃત્યુ સામે ઊભું હોય અને પંચતત્ત્વનું બનેલું શરીર ભસ્માવશેષ થવાનો સમય આવી જાય ત્યારે તેણે પોતાના કર્મો ને યાદ કરવા જોઇએ.[૬]

અથર્વવેદમાં ઘણા મન્ત્રો પુનર્જન્મના ખ્યાલ ઉપર પ્રકાશ પાડે છે- ક્યાંક આગલા જન્મમાં વિશિષ્ટ વસ્તુઓ મેળવવા માટે પ્રાર્થના છે, તો ક્યાંક કહેવામાં આવ્યું છે કે પૂર્વજન્મના સારા-ખોટા કર્મોને કારણે જ જીવાત્મા જુદી જુદી યોનિઓમાં શરીર ધારણ કરે છે. કર્મ અનુસાર પશુયોનિમાં પણ જન્મ ધારણ કરવાનો ઉલ્લેખ નીચેના મંત્રમાં મળે છે.

पुंनर्मैत्विन्द्रियं पुनरात्मा द्रविणं ब्राह्मणं च ।
पुनरग्नयो धिष्ण्या यथास्थाम कल्पयंतामिहैव ॥[૭]

અથર્વવેદમાં ઋષિ કહે છે કે- પૂર્વજન્મકૃત પાપ-પુણ્યનો ભોગી જીવાત્મા છે અને તે પાછલા જન્મમાં જે પાપ-પુણ્ય કરે છે તેના પ્રમાણે સારું-ખોટું શરીર ધારણ કરે છે.[૮] સારું કર્મ કરવાવાળો સારું શરીર ધારણ કરે છે. અને અધર્મનું આચરણ કરવાવાળો પશુ વગેરે યોનિઓમાં પણ જન્મ લે છે.

આત્મા નિત્ય છે, પરંતુ કર્મની પ્રેરણાથી જ પિતા દ્વારા પુત્ર શરીરમાં પ્રવેશ કરે છે. આ જીવાત્મા જ પ્રાણ છે અને તે જ ગર્ભમાં જલીય તત્ત્વોના આવરણોથી ઘેરાયેલો રહે છે.

अन्तर्गर्भच्चरति देवतास्वाभूतो भूतः स उ जायते पुनः ।
स भूतो भव्यं भविष्यत् पिता पुत्रं प्र विवेशा शचीभिः ॥[૯]

આ મંત્રમાં રહેલો 'जायते पुनः' શબ્દ જ સ્પષ્ટરૂપથી પુનર્જન્મની ઘોષણા કરે છે.

કઠોપનિષદમાં નચિકેતાને તેના પિતા યમને સોંપે છે ત્યારે યમ અને નચિકેતાનો સંવાદ મૃત્યુ અને પુનર્જન્મનો ખ્યાલ રજુ કરે છે. પિતાએ જ્યારે ગુસ્સે થઇ નચિકેતાને કહ્યું - मृत्यवे त्वा ददामीति - હું તને મૃત્યુને સોંપુ છું કહ્યા પછી તેમનું હૃદય પશ્ચાતાપથી ભરાઇ ગયું. ત્યારે નચિકેતા પિતાને દુ:ખી જોઇને બોલ્યો-

'सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायते पुनः' (કઠ.૧/૧/૬)

અર્થાત્- તમે દુ:ખી શા માટે થાઓ છો? આ શરીર તો ધાન્યની માફક નાશ પામી ફરી તેની જેમ જ ઊગી જાય છે.

નચિકેતાનો આગ્રહ જોઇને પિતાએ મૃત્યુ-વિષયક જ્ઞાન મેળવવા માટે આચાર્ય યમની પાસે મોકલ્યો. યમ સાથેના સંવાદમાં પોતાનો સંશય દૂર કરવા તેને વિનયી ભાવથી પૂછ્યું - હું તો આત્મતત્ત્વનું રહસ્ય જાણવા માગું છું જેના વિશે જુદા જુદા સંશય-સંદેહ ઉઠ્યા કરે છે જેના વિષયમાં ઘણા કહે છે કે મૃત્યુ પછી પણ આત્મા બચ્યો રહે છે. ઘણા કહે છે કે નથી રહેતો. તો આપ નિર્ણય કરીને મને કહો કે શું આત્મા નિત્ય છે. અને મૃત્યુ બાદ પણ તે રહે છે કે નથી રહેતો" [૧૦]

એના પછી યમ નચિકેતાને આત્મતત્ત્વનું રહસ્ય સમજાવતાં કહે છે - જે વ્યક્તિ આ લોકમાં ભોગોમાં ડૂબેલો રહે છે તેનો વારંવાર જન્મ થાય છે. પરંતુ જે આત્માને નિત્ય સમજીને પરલોકનું ધ્યાન રાખીને સત્કાર્ય કરે છે તે જન્મ - મરણના બંધનમાંથી છૂટી જાય છે.' આગળ ચર્ચા કરતાં કહે છે આ હંસ (આત્મા) અંતરિક્ષમાં વસુ નામનો દેવતા છે તે આત્મા જ પરમાત્મામાં, હૃદયાકાશમાં રહે છે. તે જ યજ્ઞ કરે છે, તે પૃથિવીમાં વૃક્ષ, અંકુર, અન્ન, ઔષધિ વગેરે રૂપમાં જન્મ લે છે. પરંતુ શરીરમાં તે અતિથિ માત્ર છે.[૧૧] આમ કઠોપનિષદમાં પુનર્જન્મનુ સ્પષ્ટ વર્ણન જોઇ શકાય છે.

વેદ અને ઉપનિષદની જેમ ગીતા પણ પુનર્જન્મને સ્વીકારે છે
એટલે જ તો કહે છે

वांसासि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥[१२]

આત્માની અમરતા સિધ્ધ કરતાં ગીતકાર કહે છે.- કામનાઓને વશ થયેલા લોકો જન્મમૃત્યુના ફેરાઓમાં આવ-જા કર્યા કરે છે. ગીતામાં તો ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ પણે કહ્યું છે -

जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च।[१३]

આમ વેદ તથા ઉપનિષદ અને ગીતામાં પુનર્જન્મનો નિર્દેશ જોવા મળે છે. પુરાણો અને અન્ય શાસ્ત્રોમાં પણ પુનર્જન્મનું વિશદ વર્ણન જોવા મળે છે. સમગ્રતયા જોતાં વેદમાં ઋષિઓએ પુનર્જન્મના સત્યની જે ચર્ચા કરી છે તેનો પાછળથી હિન્દુધર્મગ્રંથોમાં વિસ્તાર જોવા મળે છે. તે જ હિન્દુધર્મના પાયામાં રહેલો સિધ્ધાંત છે.

પાદટીપઃ-

(૧) ઋગ્વેદ ૧૦/૫૯/૬-૭

(૨) अव सृज पुनरग्ने पितृभ्यो यस्त आहुतच्चरति स्वधाभिः ।
आयुर्वसान उप वेतु शेषः सं गच्छतां तन्वा जातवेदः ॥ (ઋગ્વેદ-૧૦/૧૬/૫)

(3) पुनर्मनः पुनरायुर्म आऽगन् पुनः प्राणः पुनरात्मा..............(યજુર્વેદ-૪/૧૫)

(૪) द्वे सृति अशृणवं पितृणामहं देवानामुत मर्त्यानाम् ।
ताभ्यामिदं विश्वमेजत्समेति यदन्तरा पितरं मातरं च ॥ (યજુર્વેદ-૧૯/૪૭)

(૫) अप्स्वग्ने सधिष्टव सौषधीरनु रुध्यते ।
गर्भे सञ्जायसे पुनः ॥..........(યજુર્વેદ- ૧૨/૩૬-૩૯)

(૬) वायुरनिलममृतमथेदं भस्मान्त शरीरम् ।
ओ३म् क्रतो स्मर। क्लिबे स्मर । कृत स्मर ॥ (યજુર્વેદ-૪૦/૧૫)

(૭) અથર્વવેદ-૭/૬૭/૧

(૮) आ यो धर्माणि प्रथमः ससाद ततो वपूंषि कृणुषे पुरूणि ।
धास्युर्योनि प्रथम आ विवेशा यो वाचमनुदितां चिकेत ॥ (અથર્વવેદ-૫/૧/૨)

(૯) અથર્વવેદ-૧૧/૪/૨૦

(૧૦) કઠોપનિષદ- ૧/૧/૨૬-૨૯

(૧૧) हँसः शुचिषद् वसुरन्तरिक्षसद्धोता वेदिषदतिथिर्दुरोणसत् ।
नृषद् वरसदृतसद् व्योमसदब्जा गोजा ऋतजा अद्रिजा ऋतं बृहत् ॥
(કઠોપનિષદ-૨/૨/૨)

(૧૨) શ્રીમદ્ભગવદ્ગીતા-૨/૨૨

(૧૩) શ્રીમદ્ભગવદ્ગીતા-૨/૨૭

## સંદર્ભગ્રંથ :-


(૧) 'कठोपनिषद्'

(૨) 'અથર્વવેદ સંહિતા'

(૩) 'ઋગ્વેદ સંહિતા'

(૪) 'યજુર્વેદ સંહિતા'

(૫) 'શ્રીમદ્ભગવદ્ગીતા'


*******************************************************************


**ડૉ. દીપકકુમાર પી. જોષી**

આસિસ્ટન્ટ પ્રોફેસર

સંસ્કૃત વિભાગાધ્યક્ષ

એમ. એન. કૉલેજ

વિસનગર


Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat